ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૩/૦૭/૨૦૧૮

-------------

**પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, સીનીયર પ્રધાનો અને ગુજરાતભરના કોળી સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં આજ રોજ પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્યશ્રી કુંવરજીભાઇ બાવળીયાનો ભાજપામાં પ્રવેશ.**

-------------

**વર્ષોથી ગરીબ, ગામડુ અને ખેડૂતોની સેવામાં કાર્યરત એવા સાચા સમાજ સેવક અને લોકનેતા શ્રી કુંવરજીભાઇ બાવળીયાનું ભાજપામાં સ્વાગત કરતા હર્ષની લાગણી અનુભવું છું – શ્રી જીતુભાઇ વાઘાણી**

-------------

**ગુજરાત તથા સૌરાષ્ટ્રના બક્ષીપંચ સમાજોનું વર્ષોથી નેતૃત્વ કરતા લોકનેતાનો ભાજપામાં સમાવેશ થતા ભાજપાની શક્તિમાં ઉમેરો થયો છે. સૌ સાથે મળીને છેવાડાના માનવીના વિકાસ માટે કાર્ય કરતા રહીશું.**
**– શ્રી જીતુભાઇ વાઘાણી.**

-------------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં સમગ્ર દેશમાં લોકસેવાનો યજ્ઞ ચાલી રહ્યો છે – શ્રી જીતુભાઇ વાઘાણી.**

-------------

**રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસમાં આંતર કલહ, વાદ વિવાદ અને ઝઘડાઓ ચરમસીમા પર છે.**
**– શ્રી જીતુભાઇ વાઘાણી.**

-------------

**કોંગ્રેસના સત્તા કેન્દ્રિત રાજકારણ તેમજ નેતાઓના આંતરિક વિખવાદોની વચ્ચે પ્રજાહિતના કાર્યો થઇ શકતા નથી**
**– શ્રી કુંવરજીભાઇ બાવળીયા**

-------------

**"સૌના સાથ સૌના વિકાસ"ના મંત્રથી પ્રેરાઇને ભાજપાની વિકાસલક્ષી અને રાષ્ટ્રહિતની રાજનીતિ સાથે જોડાતા આનંદ અને ગૌરવની લાગણનો અનુભવ – શ્રી કુંવરજીભાઇ બાવળીયા**

-------------

આજ રોજ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ પૂર્વ સાંસદ અને પૂર્વ ધારાસભ્યશ્રી કુંવરજીભાઇ બાવળીયાને ખેસ પહેરાવીને વિધિવત રીતે ભાજપામાં આવકાર્યા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સરકારના મંત્રીશ્રીઓ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી આર.સી. ફળદુ, શ્રી સૌરભભાઇ પટેલ તેમજ પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહ પરમાર, શ્રી કે.સી.પટેલ તેમજ કોળી સમાજના અગ્રણી, ધારાસભ્યશ્રી આર.સી.પટેલ અને શ્રી મુકેશભાઇ પટેલ તથા પૂર્વ ધારાસભ્યશ્રી કરસનભાઇ પટેલ સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તેઓની સાથે સૌરાષ્ટ્રના અનેક કોંગ્રેસી આગેવાનો-કાર્યકરો તેમજ સામાજીક આગેવાનો ભાજપા સાથે જોડાયા હતા.

..૨..

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ પત્રકારો સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, શ્રી કુંવરજીભાઇએ ધારાસભ્ય પદ પરથી આજે રાજીનામું આપ્યું છે અને કોઇપણ અપેક્ષા વગર સંપૂર્ણ સમર્પિત ભાવથી તેઓ ભાજપા સાથે જોડાયા છે. વર્ષોથી ગરીબ, ગામડુ અને ખેડૂતોની સેવામાં કાર્યરત એવા સાચા સમાજ સેવક અને લોકનેતા શ્રી કુંવરજીભાઇ બાવળીયાનું ભાજપામાં સ્વાગત કરતા હર્ષની લાગણી અનુભવું છું. સાલસ, સરળ અને નિખાલસ વ્યક્તિત્વ ધરાવતા શ્રી કુંવરજીભાઇ વર્ષોથી છેવાડાના ગરીબ માણસોના ઉત્કર્ષ માટે સતત લડતા રહ્યા છે. તેઓ બે વખત કોંગ્રેસના કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ રહ્યા છે તેઓ સંસદ સભ્ય અને વર્ષો સુધી ધારાસભ્ય રહ્યા છે અખિલ ભારતીય કોળી સમાજના તેઓ અધ્યક્ષ છે તેમજ ગુજરાત તથા સૌરાષ્ટ્રના બક્ષીપંચ સમાજોનું વર્ષોથી નેતૃત્વ કરી રહ્યા છે ત્યારે આવા લોકનેતાનો ભાજપામાં સમાવેશ થતા ભાજપાની શક્તિમાં ઉમેરો થયો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં સમગ્ર દેશમાં જે રીતનો લોકસેવાનો યજ્ઞ ચાલી રહ્યો છે તે જ રીતે ગુજરાતમાં પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં વિકાસલક્ષી કાર્યો થઇ રહ્યા છે ત્યારે સૌ સાથે મળીને છેવાડાના માનવીના વિકાસ માટે કાર્ય કરતા રહીશું.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસમાં આંતર કલહ, વાદ-વિવાદ અને ઝઘડાઓ ચરમસીમા પર છે. સત્તા લાલસામાં મદ્ એવી કોંગ્રેસ જ્ઞાતિવાદ અને જાતિવાદ ભડકાવી રહી છે તેમજ ધર્મ – સંપ્રદાયોમાં વિવાદો કરાવી ભાગલા પાડવાની હલકી કક્ષાની રાજનીતિ પર ઉતરી આવી છે ત્યારે ચૂંટણી વખતે લોભામણી જાહેરાતો આપતી કોંગ્રેસ પ્રજાનો વિશ્વાસ મેળવવામાં સંપૂર્ણ નાપાસ રહી છે. જ્યારે પ્રજાભિમુખ શાસન, વિકાસલક્ષી રાજનીતિ અને જનતા જનાર્દનના આશીર્વાદથી ગુજરાતમાં સતત છઠ્ઠી વખત ભાજપાએ સત્તાના સુકાન સંભાળ્યા છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, શ્રી કુંવરજીભાઇના વર્ષોના અનુભવ તેમજ પ્રજાલક્ષી કાર્યો અને છેવાડાના માનવી સુધી વિકાસના ફળ સુયોગ્ય રીતે પહોંચે તે માટે તેમની શક્તિઓનો વધુ અસરકારક રીતે પ્રજાહિતમાં ઉપયોગ કરવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા ભાજપાના મોવડી મંડળે તેઓને ગુજરાત સરકારના મંત્રી મંડળમાં સમાવેશ કરવાનો નિર્ણય લીધો છે અને આજે ૦૪ વાગે મહામહિમ રાજ્યપાલશ્રી સમક્ષ તેઓ વિધિવત તેઓ શપથ ગ્રહણ કરશે.

આ પ્રસંગે શ્રી કુંવરજીભાઇ બાવળીયાએ પત્રકારો સાથેની વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, આજે મેં વિધિવત રીતે ધારાસભ્ય પદ તેમજ કોંગ્રેસના તમામ હોદ્દાઓ પરથી રાજીનામું આપ્યું છે. છેલ્લા ત્રીસ વર્ષોથી હું જાહેર જીવનમાં સક્રિય છું. વર્ષો સુધી કોંગ્રેસમાં રહી સંપૂર્ણ નિષ્ઠા અને પ્રામાણિકતાથી લોકહિતાર્થે કાર્ય કર્યું છે. કોંગ્રેસના સત્તા કેન્દ્રિત રાજકારણ તેમજ નેતાઓના આંતરિક વિખવાદોની વચ્ચે પ્રજાહિતના કાર્યો થઇ શકતા નથી. જ્યારે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં રાજય સરકાર જે રીતે છેવાડાના માનવી માટેના વિકાસકાર્યો કરી રહી છે. એક પછી એક પ્રજાલક્ષી નિર્ણયો અને યોજનાઓને લીધે સાચા અર્થમાં લોકસેવા થઇ રહી છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં સમગ્ર દેશમાં તેમજ શ્રી જીતુભાઇ વાઘાણીના નેતૃત્વમાં સમગ્ર ગુજરાતમાં ભાજપાનું સંગઠન પણ જે રીતે તમામ વર્ગ તથા સમાજના લોકોને સાથે રાખી, સૌ કાર્યકરો એક ટીમ બની પ્રજાહિત માટે સેવા કાર્યો કરી રહ્યા છે, ત્યારે "સૌના સાથ સૌના વિકાસ"ના મંત્રથી પ્રેરાઇને ભાજપાની વિકાસલક્ષી અને રાષ્ટ્રહિતની રાજનીતિ સાથે જોડાતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યો છું. આ સાથે ગુજરાતની જનતાને અને મારા વિસ્તારના લોકોને પણ ખાતરી આપું છું કે, હું આજીવન સેવાકાર્યો કરતો રહીશ અને પ્રજાના પ્રશ્નોના યોગ્ય નિરાકરણ માટે સેવારત રહીશ.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૦૩.૦૭.૨૦૧૮

-------------

**જનસંઘ વખતથી ભાજપાના પાયાના પથ્થર એવા વરિષ્ઠ આગેવાન સ્વ. શ્રી નારસિંહભાઇ પઢીયારને શ્રધ્ધાંજલી આપતાં શ્રી જીતુભાઈ વાઘાણી**

-------------

જનસંઘ વખતથી ભાજપાના પાયાના પત્થર એવા વરિષ્ઠ આગેવાન સ્વ. શ્રી નારસિંહભાઇ પઢીયારને પ્રદેશ ભાજપા વતી શ્રદ્ધાંજલી આપતાં પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, નીડર અને નિખાલસ વ્યક્તિત્વ ધરાવતાં સ્વ. શ્રી નારસિંહભાઇએ સૌરાષ્ટ્રમાં ભાજપાને મજબૂત કરવામાં મહત્વનું યોગદાન આપ્યુ છે. હજારો કાર્યકર્તાઓના જીવનઘડતરમાં તેઓનો મહત્વનો ફાળો રહ્યો છે. ૧૯૬૨થી તેઓ જનસંઘના પૂર્ણકાલીન સભ્ય હતા. જનસંઘથી લઇ ભાજપામાં તેઓશ્રીએ અનેક જવાબદારીઓ વહન કરી છે. તાલાલાના ધારાસભ્ય તરીકે સેવા આપી ચુકેલા સ્વ. શ્રી નારસિંહભાઇ પઢિયાર ૧૯૮૪થી ૧૯૯૦ દરમિયાન જૂનાગઢ નગરપાલિકાના પ્રમુખ તરીકે પણ સેવારત રહ્યા હતા. તેઓશ્રીએ ૧૯૭૫ની કટોકટી દરમ્યાન મિસા હેઠળ જેલવાસ પણ ભોગવ્યો હતો. કચ્છના સત્યાગ્રહ વખતે પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીની આગેવાનીમાં તેઓએ સક્રિય ભાગ ભજવ્યો હતો. જનસંઘ અને ભાજપના સંગઠનને મજબૂત બનાવવા વિવિધ પદ પર સેવારત રહેલા સ્વ.શ્રી નારસિંહભાઇ પઢિયાર સૌના પ્રિય નેતા હતા.

સોરઠના સિંહ નારસિંહભાઇ પઢિયારની વિદાયથી માત્ર સોરઠ જ નહિ સૌરાષ્ટ્ર અને ગુજરાતને રાજકીય, સામાજિક ક્ષેત્રે વર્ષો સુધી ખોટ રહેશે. તેઓશ્રીના અવસાનથી ભાજપાએ એક સંનિષ્ઠ અને સમર્પિત આગેવાન તેમજ માર્ગદર્શક ગુમાવ્યા છે.

સ્વર્ગસ્થશ્રીના અવસાનથી તેમના પરિવારને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ આપે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા.૦૩/૦૭/૨૦૧૮

-------------

**ડાંગ જીલ્લા પંચાયતમાં ભાજપાનું શાસન, ભાજપાના ૦૯ સભ્યો અને કોંગ્રેસના ૦૯ સભ્યોના ટેકાથી ભાજપાના બીવીબેન રમેશભાઇ ચૌધરી પ્રમુખ તરીકે ચૂંટાયા**

-------------

**કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યો કોંગ્રેસના ભ્રષ્ટાચાર અને આંતરિક જુથવાદથી કંટાળી ભાજપાની વિકાસલક્ષી રાજનીતિ સાથે જોડાઇ રહ્યા છે – શ્રી ભરતસિંહ પરમાર**

-------------

આજરોજ પ્રદેશ કાર્યાલય “શ્રી કમલમ્” ખાતે પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમારે પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન જણાવ્યુ હતુ કે, તાજેતરમાં જ ગુજરાતમાં જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા નગરપાલિકાઓમાં અઢી વર્ષની મુદ્દત પુરી થતા પ્રમુખ, ઉપપ્રમુખ તથા કારોબારી સમિતિના ચેરમેનની નિમણુંકોની પ્રક્રિયા હાથ ધરાઇ હતી. જે અંતર્ગત કોંગ્રેસ શાસિત ૦૫ જીલ્લા પંચાયતોમાં તેમજ અનેક તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓ ભાજપા શાસિન બની છે. કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યો કોંગ્રેસના ભ્રષ્ટાચાર અને આંતરિક જુથવાદથી કંટાળી ભાજપાની વિકાસલક્ષી રાજનીતિ સાથે જોડાઇ રહ્યા છે. પ્રજાનો વિશ્વાસ ગુમાવી ચૂકેલી કોંગ્રેસ છેલ્લા થોડા સમયથી ડાંગ જીલ્લા પંચાયત બાબતે લોકોને ગેરમાર્ગે દોરી રહી હતી. ડાંગ જીલ્લા પંચાયતમાં ભાજપાનું શાસન છે. તાજેતરમાં જ ભાજપાના ૦૯ સભ્યો અને કોંગ્રેસના ૦૯ સભ્યોએ ભાજપાના બીવીબેન રમેશભાઇ ચૌધરીને બીનહરિફ રીતે પ્રમુખ તરીકે ચૂંટી કાઢ્યા છે.

ડાંગ જીલ્લા ભાજપા પ્રમુખ શ્રી રમેશભાઇ ચૌધરી સહિત જીલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ, તમામ સભ્યો અને જીલ્લા ભાજપાના પદાધિકારીશ્રીઓએ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી સાથે મુલાકાત કરી માર્ગદર્શન મેળવ્યુ હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ